ગાંધીનગર સમાચાર

# સામાન્ય બજેટમાં આવકવેરાના દર યથાવત

## નોકરિયાત વર્ગને કોઇ વિશેષ રાહત નહીં : સર્વિસ ટેક્સને વધારી ૧૪ ટકા કરાતા મોટાભાગની સેવા વધુ મોંઘી : સામાન્ય, ગરીબો માટે ઘણી રાહત : ટ્રાન્સપોર્ટ એલાઉન્સ પર માસિક ભથ્થાની મર્યાદા ૧૬૦૦ કરાઈ : હેલ્થ ઇન્સ્યોરન્સ પ્રિમિયમ પર કાપ મર્યાદા વધારાઈ

નવી દિલ્હી,તા. ૨૮

નાણામંત્રી અરુણ જેટલીએ લોકોની શ્રેણીબદ્ધ અપેક્ષાઓ અને આશા વચ્ચે સંસદમાં ૨૦૧૫-૧૬ માટેનું સામાન્ય બજેટ રજૂ કર્યું હતું. આ બજેટમાં પર્સનલ ઈન્કમટેક્સ રેટમાં કોઈ ફેરફાર કરવામાં ન આવતા કેટલાક લોકોને નિરાશા હાથ લાગી હતી. કંપની ટેક્સમાં પણ આગામી નાણાંકીય વર્ષ માટે ટેક્સ રેટમાં કોઈ ફેરફાર કરવામાં આવ્યો નથી. પરંતુ એક કરોડથી વધુની વાર્ષિક કમાણી કરનાર પર બે ટકાનો વાર્ષિક સરચાર્જ લાગુ કરવામાં આવ્યો છે. મોદી સરકારના પ્રથમ સંપૂર્ણ બજેટમાં નોકરિયાત વર્ગ માટે કોઈ ખાસ રાહત જાહેર કરાઈ નથી. પર્સનલ ઈન્કમટેક્સના સ્લેબ યથાવત રાખવામાં આવ્યા છે. જો કે, ટ્રાન્સપોર્ટ એલાઉન્સમાં મર્યાદા ૮૦૦થી વધારીને ૧૬૦૦ કરવામાં આવી છે. આનાથી નોકરિયાત લોકોને મહત્તમ ૨૪૦ રૂપિયાની વાર્ષિક ટેક્સ છુટની રાહત મળશે. સર્વિસ ટેક્સને વધારીને ૧૪ ટકા કરવાનો નિર્ણય કરાયો છે જેનાથી બહાર ભોજન કરવાની બાબત, ફોનના બિલ તમામ સેવા મોંઘી થઈ છે. કાળા નાણાને લઈને જેટલીએ બજેટના ભાષણમાં કઠોર નિયમોની જાહેરાત કરી હતી. બચતને પ્રોત્સાહન આપવા માટે હેલ્થ ઈન્સ્યોરન્સ પ્રિમિયમ પર કાપની મર્યાદા ૧૫૦૦૦ રૂપિયાથી વધારીને ૨૫૦૦૦ રૂપિયા કરાઈ છે. જેટલીએ કેટલીક યોજના જાહેર કરી હતી. જેમાં સુકન્યા યોજના માટે ૮૦સી હેઠળ રાહત આપવા, ટ્રાન્સપોર્ટ ભથ્થા પર ટેક્સની છુટછાટ ૮૦૦થી વધારીને ૧૬૦૦ રૂપિયા કરવાની તેમણે જાહેરાત કરી હતી. પેન્સન ફંડ પર રાહતને એક લાખ રૂપિયાથી વદારીને ૧.૫ લાખ કરવાની જાહેરાત પણ કરી હતી. આવી જ રીતે હેલ્થ ઈન્સ્યોરન્સ પર છુટની મર્યાદા ૧૫ હજારથી વધારીને ૨૫ હજાર કરવામાં આવી હતી. વરિષ્ઠ નાગરિકોને ૩૦ હજારની રાહત આપવામાં આવી છે. સ્વચ્છ ભારત અંગે વાત કરતા તેમણે કહ્યું હતું કે આને આંદોલનમાં ફેરવી દેવામાં સફળતા મળી છે. સ્વચ્છ ભારત માટે જુદી રીતે બે ટકા સેસની જાહેરાત બજેટમાં કરવામાં આવી છે. સર્વિસ ટેક્સને ૧૨.૩૬ ટકાથી વધારીને ૧૪ ટકા કરવાની જાહેરાત કરવામાં આવ્યા બાદ તમામ ચીજો મોંઘી થવાના સંકેત દેખાઈ રહ્યા છે. કેન્દ્રિય એક્સાઈઝ ડ્યુટીને ૧૨.૫ ટકા કરવામાં આવી છે. એક લાખથી વધુના ટ્રાન્જેક્શન પર પાન જરૂરી રહેશે. હજુ સુધી ૫૦ હજારથી ઉપરના લેવડદેવડ પર પાનની જોગવાઈ હતી. અમીર લોકો પર બે ટકા વધુ સરચાર્જની બજેટમાં જાહેરાત કરવામાં આવી છે. સામાન્ય બજેટ રજૂ કરતી વેળા જેટલીએ જુદા જુદા ક્ષેત્રો માટે ફાળવણીમાં જંગી વધારો પણ કર્યો હતો. કાળા નાંણાંને લઈને સરકારે બજેટમાં કેટલાક કટોર સંકેત આપ્યા હતા. ન્કિમ ટેકસના સ્લેબ યથાવત રાખવામાં આવ્યા છે. હાલ મળી રહેલી રાહતો જારી રહેશે. કોર્પોરેટ ટેકસમાં પાંચ ટકાની રાહતની જાહેરાત કરવામાં આવી છે. આગામી વર્ષથી જીએસટીને અમલી કરવાની પણ ભલામણ કરવામાં આવી છે. ટેક્સ નિતીને સ્થિર કરવાની જેટલીએ ભાર મુક્યો હતો. તેમણે કહ્યુ હતું કે યોજના કર્ચનો આંકડો ૪૬૫૨૭૭ કરોડ્ને બિન યોજના ખર્ચનો આંકડો



૧૩૧૨૨૦૦ કરોડ રહ્યો છે. સિંગાપોરની જેમ ગુજરાતમાં નવા નાણાંકીય સેન્ટરની રચના કરાશે. સ્કીલ ઈન્ડિયા અને મેક ઈન ઈન્ડિયામાં તાલમેળ કરવાની વાત કરવામાં આવી છે. કાળા નાણાં પર બ્રેક મુકવા માટે યોજનાની જાહેરાત કરવામાં આવી છે. ૧૫૦ દેશોના પ્રવાસીઓને હવે વીઝા ઓન એરાઈવલની સુવિધા અપાશે. ગોલ્ડ એકાઉન્ટની તેમણે વાત કરી હતી અને કહ્યુ હતુ કે તેના પર વ્યાજ મળશે. ગોલ્ડ બોન્ડ પણ જારી કરાશે. ઈપીએફમાં કર્મચારીઓને યોગ્ય વિકલ્પ મળશે. સેબી અને એફએમસીના મર્જરની તેમણે જાહેરાત કરી હતી. ગયા વર્ષે મે મહિનામાં સત્તામાં આવ્યા બાદ મોદી સરકાર તરફથી જેટલીએ પ્રથમ સંપૂર્ણ બજેટ રજૂ કર્યુ હતુ. જેમાં દેશના તમામ વર્ગને ધ્યાનમાં લઈને કેટલીક નવી જાહેરાત કરવામાં આવી હતી. બજેટમાં શિક્ષણ, આરોગ્ય,સંરક્ષણ અને અન્ય લોકલક્ષી તમામ બાબતો તરફ ધ્યાન આપવામાં આવ્યું છે. ટેક્સના સ્લેબમાં ફેરફાર કરવામાં આવસે તેવી અપેક્ષા હતી પરંતુ જેટલીએ ઈન્કમ ટેક્સના સ્લેબ યથાવત રાખ્યા છે. કોર્પોરેટ ટેક્સને લઈને કેટલીક ચર્ચા હતી. કોર્પોરેટ ટેક્સ રેટ માં ઘટાડો કરવાની તેમણે જાહેરાત કરી હતી.કોર્પોરેટ ટેક્સ રેટ હાલમાં ૩૦ ટકા છે જેને ઘટાડીને ૨૫ ટકા આગામી ચાર વર્ષમાં કરવાની જાહેરાત બજેટમાં કરવામાં આવી હતી.કાળા નાણાંને રોકવા માટે જેટલીએ કહ્યુ હતુ કે વિવિધ પગલા લેવામાં આવી રહ્યા છે.

જીએસટીને અમલી બનાવવાની વાત કરવામા આવી હતી. દેશમાં આંતરરાષ્ટ્રીય સ્તરની ટેક્સ વ્યવસ્થા અમલી કરવાની તેમણે વાત કરતા કહ્યુ હતુ કે તેના પર ઝડપથી કામ થઈ રહ્યું છે. તેમણે કહ્યું હતું કે જો વધારે ટેક્સ મળશે તો મનરેગામાં પાંચ હજાર કરોડ વધારે આપવામાં આવશે. તેમણે પાંચ નવી અલ્ટ્રા મેગા વીઝળી યોજના શરૂ કરવાની જાહેરાત કરી હતી. દેશમાં વેપારી કારોબારને સરળ કરવા માટે ઈ-બીજ પોર્ટલની શરૂઆત કરવાની જાહેરાત કરી હતી અને કહ્યુ હતુ કે આના કારણે પરવાનગી લેવા માટે હેરાન થવાની જરૂર પડશે નહી. બંદર પર પોતાની કંપનીઓ સ્થાપિત કરવાની પણ તક આપવામાં આવસે. સ્ટાર્ટસ અપ માટે એક હજાર કરોડ રૂપિયા ફંડ તરીકે આપવામાં આવનાર છે. રેલ અને રોડ માટે ટેક્સ ફ્રી બોન્ડ જારી કરવાની બજેટમાં વાત કરવામાં આવી છે. તેમણે કહ્યું હતું કે ગરીબ લોકોની સુરક્ષા માટે ત્રણ યોજના શરૂ કરવામાં આવનાર ચે. જેમાં અટલ પેન્શન યોજના, પીએમ વીમા યોજના અને જ્યોતિ ઈપીએફ યોજનાનો સમાવેશ થાય છે. જેટલીએ કહ્યુ હતું કે વર્ષ ૨૦૨૨ સુધી ગરીબી નાબુદીન હેતુ રહેલો છે. દરેક પરિવારમાં એક પાસે નોકરી અને દરેક ઘરમાં વિજળીનો સરકારનો હેતુ છે. દરેક ગામમાં આરોગ્યની સુવિધા મળે તેવો પણ હેતુ છે.'

## સર્વિસ-કોમોડિટી જે હવે વધારે મોંઘી થશે

નવી દિલ્હી,તા. ૨૮

નાણામંત્રી અરુણ જેટલીએ લોકોની શ્રેણીબદ્ધ અપેક્ષાઓ અને આશા વચ્ચે સંસદમાં ૨૦૧૫-૧૬ માટેનું સામાન્ય બજેટ રજૂ કર્યુ હતું. બજેટ બાદ કઈ ચીજોની કિંમતો વધશે અને કઈ સેવા મોંઘી થશે તે નીચે મુજબ છે.

| | |
|---|---|
| ૧. આવાસ | ૧૪. કુરિયર સર્વિસ |
| ૨. બહાર ભોજન કરવાની બાબત | ૧૫. હેલ્થકેર સર્વિસ |
| ૩. કોલ્ડડ્રીંક્સ | ૧૬. લોન્ડ્રી સર્વિસ |
| ૪. મિનરલ વોટર | ૧૭. બ્યુટીપાર્લર |
| ૫. ઈન્ટરનેટ સર્વિસ | ૧૮. વિમાની યાત્રા |
| ૬. કેબલ-ડીટીએચ સર્વિસ | ૧૯. કિંમતી પથ્થરો |
| ૭. લેપટોપ | ૨૦. બ્રાન્ડેડ એપરલ્સ |
| ૮. સિગારેટ | ૨૧. જીમ સર્વિસ |
| ૯. તમાકુની પેદાશો | ૨૨. ઈમ્પોર્ટેડ નટ્સ |
| ૧૦. મોબાઈલ ફોન | ૨૩. શરાબ |
| ૧૧. એજ્યુકેશન | ૨૪. ક્રેડિટ અને ડેબિટકાર્ડ |
| ૧૨. કોમર્શિયલ વાહન | ૨૫. વિમા |
| ૧૩. ફિલ્મો | ૨૬. પ્લાસ્ટિક બેગ |

# વિદેશી સંપત્તિ સંદર્ભે ટેક્સ ચોરી ઉપર ૧૦ વર્ષની સજા

નવીદિલ્હી,તા. ૨૮

કાળા નાણાને લઈને જોરદાર વિરોધ મોદી સરકારનો થઈ રહ્યો છે ત્યારે આજે બજેટમાં બ્લેક મનીના મામલે નક્કર અને કઠોર જોગવાઈ કરવાની નાણામંત્રી અરુણ જેટલીએ વાત કરી હતી. બજેટ રજૂ કરતી વેળા જેટલીએ કહ્યું હતુ કે, આવક અને સંપત્તિ છુપાવવા અથવા તો વિદેશી સંપત્તિના સંદર્ભમાં ટેક્સ ચોરી કરવાની સ્થિતિમાં ૧૦ વર્ષની કઠોર સજા ફટકારવામાં આવશે. આ અપરાધોને ખુબ જ ગંભીર અપરાધ ગણવામાં આવશે. આવા અપરાધો માટે આવક અને સંપત્તિના વર્તમાન દરથી ૩૦૦ ટકા દંડ ફટકારવામાં આવશે.



ઈન્કમટેક્સ રિટર્ન દાખલ ન કરવા અને અધુરી માહિતી આપવાની સ્થિતિમાં સાત વર્ષની સજા ફટકારવામાં આવશે. નાણામંત્રીએ કહ્યું હતું કે, વિદેશી નાણા મેનેજમેન્ટ અધિનિયમ ૧૯૯૯ ફેમા અને મનીલોન્ડ્રીંગ એક્ટ ૨૦૦૨માં ફેરફાર કરવામાં આવનાર છે. નાણામંત્રીએ કાળા નાણા ઉપર અંકુશ મુકવા માટે બિનહિસાબી લેવડદેવડ રોકવા માટે એક નવો કાયદો લાવવાની વાત કરી હતી અને કહ્યું હતું કે આ બિલ વર્તમાન સત્રમાં રજૂ કરાશે. નવા કાયદા હેઠળ એક લાખથી વધુની કોઈપણ ખરીદી અને વેચાણ માટે પાન નંબર ફરજિયાત રહેશે અને ૨૦૦૦૦થી વધારાની લેવડદેવડ રોકડમાં કરી શકાશે નહીં. કાળા નાણા ધરાવનાર ઉપર જોરદાર તવાઈ આવનાર દિવસોમાં આવે તેવા સંકેત દેખી રહ્યા છે. કાળા નાણાને ભારતમાં લાવવાની વાત નાણામંત્રી અરુણ જેટલીએ આજે કરીને વિરોધ પક્ષોને શાંત કરવાના પ્રયાસ કર્યા છે. લોકસભા ચૂંટણી દરમિયાન વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ એ વખતે જોરદાર મુદ્દો ઉઠાવ્યો હતો પરંતુ ત્યારબાદ કોઈ નક્કર પગલા લઈ શકાયા નથી જેથી સરકારની હાલમાં વ્યાપક ટિકા થઈ રહી હતી.

## કઈ ચીજો સસ્તી થઇ

નવી દિલ્હી,તા. ૨૮

નાણામંત્રી અરુણ જેટલીએ આજે સામાન્ય બજેટ રજૂ કર્યું હતું. બજેટમાં બચતને પ્રોત્સાહન આપવા માટે હેલ્થ ઈન્સ્યોરન્સ પ્રિમિયમ પર કાપની મર્યાદા ૧૫૦૦૦ રૂપિયાથી વધારીને ૨૫૦૦૦ રૂપિયા કરાઈ છે. જેટલીએ કેટલીક યોજના જાહેર કરી હતી. જેમાં સુકન્યા યોજના માટે ૮૦સી હેઠળ રાહત આપવા, ટ્રાન્સપોર્ટ ભથ્થા પર ટેક્સની છુટછાટ ૮૦૦થી વધારીને ૧૬૦૦ રૂપિયા કરવાની તેમણે જાહેરાત કરી હતી. બજેટના પગલાના લીધે કઈ ચીજો સસ્તી થશે તે નીચે મુજબ છે.

૧. લેધર અથવા તો ચામડાની ચીજવસ્તુઓ
૨. જુદા જુદા પ્રકારના ફુટવેર
૩. ૧૦૦૦ની કિંમતના સુઝ
૪. માઈક્રો ઓવન
૫. દેશમાં બનેલા મોબાઈલ સસ્તા
૬. ટેબલેટ સસ્તા
૭. અગરબત્તી
૮. દેશમાં બનેલા એલઈડી
૯. સોલાર વોટરહિટર
૧૦. એમ્બ્યુલન્સ અને એમ્બ્યુલન્સ સેવા
૧૧. જુદા જુદા ડબ્બાઓમાં મળતી ફળફળાદી

**જેની કિંમતો યથાવત રહી છે**

૧. કાર ૨. ટુ વ્હીલર્સ

# એપ્રિલ ૨૦૧૬થી જીએસટીને અમલી બનાવવા માટે ઘોષણા

નવીદિલ્હી,તા. ૨૮

નાણામંત્રી અરુણ જેટલીએ સૂચિત ગુડ્ઝ એન્ડ સર્વિસ ટેક્સને એપ્રિલ ૨૦૧૬થી અમલી બનાવવાની આજે જાહેરાત કરી હતી. અરુણ જેટલીએ કહ્યું હતું કે, સરકાર નવા પરોક્ષ કરવેરા વ્યવસ્થાને અમલી કરવાની દિશામાં વધી રહી છે. જીએસટીથી ઘણા બધા કેન્દ્રીય અને રાજ્યના ટેક્સને એક ટેક્સમાં આવરી લેવામાં આવશે. આનાથી ખુબ ફાયદો થશે. લોકસભામાં એનડીએ સરકારનું પ્રથમ સંપૂર્ણ બજેટ રજૂ કરતી વેળા જેટલીએ કહ્યું હતું કે, અમે જીએસટીને પહેલી એપ્રિલ ૨૦૧૬થી અમલી બનાવવા જઈ રહ્યા છે. આના લીધે ડબલ કરવેરાને દૂર કરવામાં મદદ મળશે. સાથે સાથે કોમન નેશનલ માર્કેટ માટેનો માર્ગ મોકળો થશે. જીએસટીને લઈને કેટલીક ગુંચવણોને દૂર કરવાનો પ્રયાસ તેમણે કર્યો હતો. તેમણે એમ પણ કહ્યું હતું કે, પ્રત્યક્ષ કરવેરા વસુલાતનો આંકડો ૧૪.૪૯ લાખ કરોડ સુધી પહોંચી ગયો છે. તેમણે માહિતી આપી હતી કે, બિન યોજના ખર્ચનો આંકડો ૧૩.૧૨ લાખ કરોડ ૨૦૧૫ માટેનો છે જ્યારે યોજના ખર્ચનો આંકડો ૪.૬૫ લાખ કરોડનો છે. તેમણે કહ્યું હતું કે, વર્ષ ૨૦૧૫-૧૬ માટે અંદાજપત્રીય ખર્ચનો આંકડો ૧૭.૭૭ લાખ કરોડ છે. સંસદમાં નાણામંત્રીએ માહિતી આપતા કહ્યું હતું કે, ૨૦૧૫-૧૬ના બિનયોજના ખર્ચ માટે ખર્ચનો અંદાજપત્રીય અંદાજ ૧૩.૧૨ લાખ કરોડ છે જ્યારે યોજના ખર્ચનો આંકડો ૪.૬૫ લાખ કરોડ છે.

તેમણે વધુમાં કહ્યું હતું કે, કોર્પોરેટ ટેક્સમાં ઘટાડો કરાયો છે. કોર્પોરેટ ટેક્સને ૩૦ ટકાથી ઘટાડીને ૨૫ ટકા કરવામાં આવનાર છે. જેટલીએ કહ્યું હતું કે, આ ઘટાડાથી વિકાસની નવી ઉંચાઈઓ સુધી પહોંચવામાં મદદ મળશે. સાથે સાથે વિવાદો તરફ દોરી જનાર મુક્તિ દુર થશે. ઉંચા કોર્પોરેટ ટેક્સ જેમાં ઘણા બધા અપવાદો રહેલા છે જેનાથી દુવિધા ઉભી થઈ છે. જેટલીએ કહ્યું હતું કે, ફિસ્કલ ડેફિસિટને ઘટાડવા અને અન્ય પગલાઓ મારફતે સંતુલન જાળવવાના પ્રયાસ થઈ રહ્યા છે. ઈન્ફ્રાસ્ટ્રક્ચરમાં જાહેર મૂડીરોકાણ વધારવાની જરૂરિયાત પર ભાર મુકતા તેમણે કહ્યું હતું કે, રેલ, રોડ અને સિંચાઈમાં ટેક્સ ફ્રી ઈન્ફ્રાસ્ટ્રક્ચર બોન્ડનો હેતુ રહેલો છે. પ્રધાને સૂચન કર્યું હતું કે, ઈન્ફ્રાસ્ટ્રક્ચર વિકાસને પ્રોત્સાહન અપાશે. વર્ષ ૨૦૧૫-૧૬માં જીડીપીના ૩.૯ ટકા સુધી ફિસ્કલ ડેફિસિટને ઘટાડવામાં આવશે જે અગાઉના ટાર્ગેટ ૩.૬ ટકાની આસપાસ છે. તેમણે કહ્યું હતુ કે, પબ્લિક ડેબ્ટ મેનેજમેન્ટ એજન્સીની રચના કરવામાં આવશે જે મોટા પગલા તરીકે છે. સામાજિક સુરક્ષા માળખાની રચના કરવામાં આવનાર છે. જેટલીએ યુનિવર્સલ સિક્યુરિટી સિસ્ટમની વાત કરી હતી.

## બે વર્ષ સુધી ગારને અંતે મોકૂફ રાખવાનો નિર્ણય

નવીદિલ્હી,તા. ૨૮

દેશમાં મૂડીરોકાણના માહોલને સુધારવાના હેતુસર નાણામંત્રી અરુણ જેટલીએ આજે બે વર્ષ સુધી જનરલ એન્ટી એવોઈડન્સ એક્ટ (ગાર)ને મોકૂફ રાખવાની જાહેરાત કરી હતી. તેમણે કહ્યું હતું કે, એવો નિર્ણય કરવામાં આવ્યો છે કે જ્યારે અમલી બનાવવામાં આવશે ત્યારે તમામ અડચણો દૂર કરાશે. ગારના સંબંધમાં કેટલીક જટિલ જોગવાઈઓ રહેલી છે. કેટલીક ગુંચવણ પણ છે જેને દૂર કરવામાં આવશે. આજ કારણસર તેનો અમલી નહીં બનાવવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. સરકારે અગાઉ પહેલી એપ્રિલ ૨૦૧૫થી ગારનો અમલી બનાવવાનો નિર્ણય કર્યો હતો. ત્રણ કરોડથી વધુના ટેક્સ લાભના દાવાઓ માટે આને અમલી કરવાનો નિર્ણય કરાયો હતો. જેટલીએ કહ્યું હતું કે, નાણાંકીય વર્ષ ૨૦૧૭-૧૮ની આવકમાંથી ગારને અમલી કરવાની યોજના છે.

# ૨૨ વસ્તુ પર કસ્ટમ ડ્યુટી ઘટી

## વેલ્થ ટેક્સ નાબૂદ કરી દેવાનો નાણામંત્રી જેટલીનો નિર્ણય

નવીદિલ્હીતા.૨૮

અનેક પ્રકારની લોકોની અપેક્ષા અને અનેક પ્રકારના જટિલ પડકારો વચ્ચે નાણાંપ્રધાન અરૂણ જેટલીએ આજે લોકસભામાં સામાન્ય બજેટ રજૂ કર્યું હતુ. બજેટમાં જેટલીએ દેશના વિકાસને નવી ઉંચાઇ પર લઇ જવા અને સામાન્ય લોકોને વધારે સારી સુવિધા મળે તેવા પર ખાસ ભાર મુક્યો હતો. જો કે જેટલીએ આવકવેરા મુક્તિ મર્યાદામાં કોઇ ફેરફાર કર્યા ન હતા. જેથી ઇન્કમ ટેક્સના સ્લેબ યથાવત રહ્યા છે. બજેટ રજૂ કરતી વેળા નાણામંત્રીએ કરવેરા, ઇન્ફ્રાસ્ટ્રક્ચર, ખર્ચ અંગેની વિસ્તૃત વાત કરી હતી.

**કરવેરા**

- **વેલ્થ ટેક્સ અથવા** તો સંપત્તિ કરવેરાને નાબૂદ કરવાનો નિર્ણય
- વેલ્થ ટેક્સના બદલે સુપરરિચ ઉપર બે ટકાનો વધારાનો ખર્ચ ચાર્જ
- આગામી ચાર વર્ષમાં કોર્પોરેટ ટેક્સમાં ઘટાડો કરી ૨૫ ટકા કરાશે
- કોર્પોરેટ ટેક્સ ૩૦ ટકાનો બિનસ્પર્ધાક્ત્મક અને બિનજરૂરી દેખાય છે
- ટેક્સ દરખાસ્તથી નફો ૧૫૦.૬૮ અબજ રૂપિયા રહ્યો
- રિયલ એસ્ટેટ ઇન્વેસ્ટમેન્ટ ટ્રસ્ટ માટે કેપિટલ ગેઇન ટેક્સ વ્યવસ્થા તર્કસંગત બનાવાશે
- જીએસટીને એપ્રિલ ૨૦૧૬થી અમલી કરાશે
- ૨૨ વસ્તુઓ ઉપર કસ્ટમ ડ્યુટી ઘટાડાઈ
- વાણિજ્ય વાહનો પર બેઝિક કસ્ટમ ડ્યુટી ૨૦ ટકા
- સર્વિસ ટેક્સ અને એજ્યુકેશન સેઝને વધારવાનો નિર્ણય કરાયો. આને ૧૨.૩૬ ટકાથી વધારીને ૧૪ ટકા કરાયો
- પ્રત્યક્ષ કરવેરા વ્યવસ્થાને અમલી બનાવાશે જેનાથી મુક્તિ વગર રેટ ઉપર આંતરરાષ્ટ્રીય સ્તરે સ્પર્ધા
- વ્યક્તિગત કરદાતાઓ માટે મુક્તિ જારીર રહેશે

**ઇન્ફ્રાસ્ટ્રક્ચર**

- ઇન્ફ્રાસ્ટ્રક્ચરમાં મૂડીરોકાણ ૨૦૧૫-૧૬માં ૭૦ અબજ રૂપિયા સુધી વધશે
- નેશનલ ઇન્વેસ્ટમેન્ટ ઇન્ફ્રાસ્ટ્રક્ચર ફંડ રચવાની યોજના
- રોડ, રેલ, સિંચાઈના પ્રોજેક્ટો માટે ટેક્સ ફ્રી ઇન્ફ્રાસ્ટ્રક્ચર બોન્ડ
- ૪૦૦૦ મેગાવોટના પાંચ અલ્ટ્રામેગા પ્રોજેક્ટની યોજના
- કુંદાકુલમ ન્યુક્લિયર પાવર સ્ટેશનનો બીજો યુનિટ શરૂ કરાશે
- ૧૦૦૦૦૦ કિલોમીટરના નવા માર્ગોનું નિર્માણ થશે
- કંપની એક્ટ હેઠળ જાહેર ક્ષેત્રમાં બંદરોને પ્રોત્સાહન અપાશે

**ખર્ચ**

- યોજના ખર્ચનો અંદાજ ૪.૬૫ ટ્રિલિયન રૂપિયા
- બિન યોજના ખર્ચનો અંદાજ ૧૩.૧૨ ટ્રિલિયન રૂપિયા
- સંરક્ષણ ખર્ચ માટે ૨.૪૬ ટ્રિલિયન રૂપિયા
- આરોગ્ય સેક્ટર માટે ૩૩૧.૫ અબજ રૂપિયાની ફાળવણી
- જો રેવન્યુમાં સુધારો થશે તો ગ્રામીણ રોજગાર યોજના માટે અંદાજપત્રિય ફાળવણીને ૫૦ અબજ રૂપિયા સુધી વધારાશે

## મનરેગાની ફાળવણીમાં ૫૦૦૦ કરોડનો વધારો

નવીદિલ્હી,તા. ૨૮

મનરેગાનેહજુસુધીની સૌથી મોટી અને જંગી ફાળવણીની જાહેરાત કરતા નાણામંત્રી અરુણ જેટલીએ તેમના બજેટ ભાષણમાં કહ્યું હતું કે, તેઓ આ સ્કીમ માટે ફાળવણીમાં ૫૦૦૦ કરોડનો વધારો કરી શકે છે. બજેટ ૨૦૧૫ રજૂ કરતી વેળા તેમણે કહ્યું હતું કે, ભુતકાળમાં વધુ સારા વિકાસ પર્યાવરણના અનુસંધાનમાં સ્થિતિ સારી રહેશે તેમ લાગી રહ્યું છે. ભારત ખુબ ઝડપથી આગળ વધી રહ્યું છે. વૈશ્વિક વિકાસની આગાહી ઘટી છે પરંતુ ભારતની વિકાસ આગાહીમાં વધારો થયો છે. ઉદ્યોગ સાહસિકો અને વેપારીઓને પ્રોત્સાહન આપવાની જરૂરિયાત ઉપર ભાર મુકતા નાણામંત્રીએ બજેટ ભાષણમાં કહ્યું હતું કે, સરકાર મેક ઈન ઈન્ડિયા પ્રોગ્રામ સાથે ભારતમાં મેન્યુફેક્ચરિંગ હબ બનાવવાની યોજના ધરાવે છે. તેમણે કબૂલાત કરી હતી કે, તેમની સરકાર ફિસ્કલ કન્સોલિડેશન તરફ આગળ વધી રહી છે. તેઓ વર્તમાન નાણાકીય વર્ષ માટે ૪.૧ ટકાના ફિસ્કલ ડેફિસિટ ટાર્ગેટને હાંસલ કરી લેશે. સરકાર મધ્યમ અવધિમાં ત્રણ ટકાના ફિસ્કલ ડેફિસિટ ટાર્ગેટને પહોંચી વળવા કટિબદ્ધ છે. જેટલીએ કહ્યું હતું કે, ભારત સરકાર અટલ ઈનોવેશન મિશન શરૂ કરશે. વૈજ્ઞાનિક સંશોધન અને આર એન્ડ ડીને પ્રોત્સાહન આપવાનો હેતુ છે. સુધારવામાં આવેલા પ્લાનિંગ કમિશન જેને નેશનલ ઈન્સ્ટિટ્યુટ ઓફ ટ્રાન્સફોર્મિંગ ઈન્ડિયા નામ અપાયું છે. આ મિશન શિક્ષણશાસ્ત્રીઓ, ઉદ્યોગ સાહસિકો અને સંશોધકોને આવરી લેશે. પ્લેટફોર્મ વર્લ્ડક્લાસ ઈનોવેશન હબના નેટવર્કને પ્રોત્સાહન આપશે. સરકારે આ હેતુ માટે ૧૫૦ કરોડ રૂપિયા ફાળવ્યા છે.

# આયાત ડ્યુટી વધતા સોનાના ભાવ વધશે

નવીદિલ્હી,તા. ૨૮

નાણામંત્રી અરુણ જેટલીએ આજે રજૂ કરેલા બજેટમાં રેકોર્ડ સ્તરે આયાત ડ્યુટીને જાળવી રાખીને જ્વેલર્સને ચોંકાવી દીધા હતા. આયાત ડ્યુટી યથાવત ઉંચી સપાટીએ થતાં સોનાની કિંમતમાં વધારો થવાના સંકેત દેખાઈ રહ્યા છે. ભારત ટોપ કન્ઝ્યુમર તરીકે છે. આવી સ્થિતિમાં સોનાની કિંમતમાં વધારો થઈ શકે છે. નાણામંત્રીએ બજેટમાં પગલા જાહેર કર્યા બાદ આને લઈને ચર્ચાઓ રહી હતી. મે સુધી લંબાવી દેવામાં આવેલી લગ્નની સિઝનના લીધે સોનાની માંગ વધી ગઈ છે પરંતુ ૧૦ ટકા ટેક્સમાં કાપની અપેક્ષાના કારણે ખરીદીમાં વિલંબ થઈ રહ્યો હતો. છેલ્લા થોડાક સપ્તાહમાં લેવાલી રોકાઈ ગઈ હતી. સોનાની કિંમતો ડ્યુટીમાં કાપની અપેક્ષા વચ્ચે ઘટી હતી પરંતુ હવે કિંમતોમાં વધારો થશે. પ્રિમિયમમાં પણ વધારો થશે.

રિટેલ મુહુતમાં જાણકાર નિષ્ણાતનું કહેવું છે કે, જ્વેલર્સ અને મેન્યુફેક્ચર્સને આવી અપેક્ષા ન હતી. જેટલીએ ગોલ્ડ ડિપોઝિટ એકાઉન્ટની શરૂઆત કરી છે. ઘરમાં અને મંદિરોમાં રહેલા ૨૦૦૦૦ ટનથી વધુ સોનાના ઉપયોગ માટે ગોલ્ડ ડિપોઝિટ એકાઉન્ટની શરૂઆત કરી છે. સાથે સાથે આયાતને રોકવા માટે ગોલ્ડ બોન્ડની જાહેરાત કરી છે. શેરની કિંમતોમાં આજે ઘટાડો થયો હતો. માર્ચ મહિનામાં ભારત ૯૦ ટનથી વધુની ખરીદી કરી શકે છે. આ મહિને ૫૦ ટનથી વધુ ખરીદીનો અંદાજ છે.

## જેમ્સ એન્ડ જ્વેલરીના સેક્ટરમાં નિરાશા

નવીદિલ્હી,તા. ૨૮

જેમ્સ એન્ડ જ્વેલરી એક્સપોર્ટ પ્રમોશન કાઉન્સિલે કહ્યું છે કે, નાણામંત્રી અરુણ જેટલી દ્વારા રજૂ કરવામાં આવેલું બજેટ નિરાશાજનક છે. કારણ કે, જેમ્સ એન્ડ જ્વેલરી ઉદ્યોગની માંગ તરફ ધ્યાન અપાયું નથી. નાણામંત્રીએ અગાઉ કરવામાં આવેલી માંગ તરફ ધ્યાન આપ્યું નથી.